# GUJARAT BILL NO. 1 OF 2019.

# THE GUJARAT PROVINCIAL MUNICIPAL CORPORATIONS (AMENDMENT) BILL, 2019.

## *A BILL*

*further to amend the Gujarat Provincial Municipal Corporations Act, 1949.*

**સન ૨૦૧૯નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧.**

**ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (સુધારા) વિધેયક, ૨૦૧૯.**

***ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ વધુ સુધારવા બાબત વિધેયક.***

આથી, ભારતના ગણરાજ્યના સિત્તેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

**૧.** આ અધિનિયમ ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (સુધારા) અધિનિયમ, ૨૦૧૯ કહેવાશે. **ટૂંકી સંજ્ઞા.**

**સન ૧૯૪૯નો મુંબઈનો ૫૯મો.** **૨.** ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૪૫-માં,- **સન ૧૯૪૯ના મુંબઈના ૫૯મા અધિનિયમની કલમ ૪૫-નો સુધારો.**

(૧) પેટા-કલમ (૨)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી :-

"(૨) કોર્પોરેશન, વખતોવખત રાજ્ય સરકારની મંજૂરીથી, પોતાને જરૂરી જણાય તેટલી નાયબ મ્યુનિસિપલ કમિશનર અથવા મદદનીશ મ્યુનિસિપલ કમિશનર અથવા તેવા બીજા અધિકારીઓની જગાઓ ઊભી કરી શકશે. રાજ્ય સરકાર, કોર્પોરેશનને મંજૂરી આપતી વખતે, કોર્પોરેશન દ્વારા ભરવામાં આવે તેવી જગાઓની સંખ્યા અને પોતાના અધિકારીઓની નિમણૂક કરીને, રાજ્ય સરકાર દ્વારા ભરવામાં આવે તેવી જગાઓની સંખ્યા ફાળવી શકશે.";

(૨) પેટા-કલમ (૪)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી :-

"(૪) કોર્પોરેશન-એ કરેલી મ્યુનિસિપલ સેક્રેટરીની નિમણૂક અથવા રાજ્ય સરકારે કરેલી નાયબ મ્યુનિસિપલ કમિશનર, મદદનીશ મ્યુનિસિપલ કમિશનર અથવા તેવા બીજા અધિકારીઓની નિમણૂક સિવાયની આ કલમ હેઠળ કરેલી દરેક નિમણૂક, રાજ્ય સરકાર દ્વારા (આપવામાં આવતી) બહાલીને અધીન રહેશે; અને રાજ્ય સરકાર જેમની નિમણૂકને બહાલી આપવાનો ઈનકાર કરે તેવા કોઈ અધિકારીને તરત જ હોદ્દા ઉપરથી દૂર કરવા જોઈશે.".

(૩) પેટા-કલમ (૫)માં, "પેટા-કલમ (૧)" એ શબ્દ, કૌંસ અને આંકડોને બદલે, "પેટા-કલમ (૧) અથવા કોર્પોરેશન દ્વારા નિમણૂક કરવામાં આવી હોય, ત્યાં સુધી પેટા-કલમ (૨)માં નિર્દિષ્ટ કરેલા કોઇ હોદ્દાની ખાલી જગા" એ શબ્દો, કૌંસ અને આંકડા મૂકવા.

**સન ૧૯૪૯ના મુંબઇના ૫૯મા અધિનિયમની કલમ ૫૩નો સુધારો.**

**૩.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૫૩માં, પેટા-કલમ (૧)માં, "નાયબ મ્યુનિસિપલ કમિશનર અથવા મદદનીશ મ્યુનિસિપલ કમિશનર" એ શબ્દો પછી, "અથવા રાજ્ય સરકારે નિમણૂક કરેલા તેવા બીજા અધિકારીઓ" એ શબ્દો દાખલ કરવા.

## ઉદ્દેશો અને કારણો

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ની કલમ ૪૫-ની પેટા-કલમ (૨)ની વિદ્યમાન જોગવાઈથી, રાજ્ય સરકારને, કોર્પોરેશનને લગતા કાર્યો બજાવતી વખતે, રાજ્ય સરકારના મુખ્ય કાર્યક્રમોનું વધુ સારું અમલીકરણ સુનિશ્ચિત કરવા માટે અને રાજ્ય તેમજ કેન્દ્ર સરકારની એજન્સીઓ વચ્ચે વધુ સારું સંકલન સુનિશ્ચિત કરવા માટે, તેના અધિકારીઓ વિશાળ સંપર્ક અને વિવિધ સરકારી વિભાગોનો અનુભવ ધરાવતા હોવાને કારણે, સદરહુ અધિકારીઓને, નાયબ મ્યુનિસિપલ કમિશનર અને મદદનીશ મ્યુનિસિપલ કમિશનર તરીકે નિમણૂક કરવાની સત્તા મળે છે.

તેમ છતાં, મ્યુનિસિપલ કોર્પોરેશન્સ (મહાનગરપાલિકાઓ)ને સોંપેલા કાર્યોના વધુ સારા અમલીકરણ માટે, મ્યુનિસિપલ કોર્પોરેશન્સને પણ આવા કેટલાક આવા અધિકારીઓની નિમણૂક કરવાની સત્તા આપવી જરૂરી છે. તેથી, રાજ્ય સરકાર તેમજ સંબંધિત મ્યુનિસિપલ કોર્પોરેશન્સ -એમ બન્નેને, એક બાજુ સરકારી નીતિઓના વધુ સારા અમલીકરણને સુનિશ્ચિત કરવા માટે અને બીજી બાજુ, ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ની વિવિધ જોગવાઈઓ હેઠળ કોર્પોરેશનના રોજબરોજના કાર્યો હાથ ધરવા માટે, નાયબ મ્યુનિસિપલ કમિશનર અથવા મદદનીશ મ્યુનિસિપલ કમિશનર અથવા આવા બીજા અધિકારીઓની નિમણૂક કરવાની સત્તા આપવાનું જરૂરી જણાયું છે. કોર્પોરેશનને, સીધી ભરતીથી અથવા કોર્પોરેશનમાંના

અધિકારીઓમાંથી અથવા તે બન્ને રીતે નિમણૂક કરવાની પણ સત્તા મળે તેટલા પ્રમાણમાં કલમ ૪૫-ની પેટા-કલમ (૨)ની જોગવાઈ સુધારવી જરૂરી છે. તદનુસાર, સદરહુ અધિનિયમની કલમ ૪૫-ની પેટા-કલમ (૨) સુધારવા ધાર્યું છે. સદરહુ અધિનિયમની કલમો ૪૫ અને ૫૩-ની અમુક આનુષંગિક જોગવાઈઓ સુધારવા પણ ધાર્યું છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

**તારીખ: ૭મી ફેબ્રુઆરી, ૨૦૧૯.** **નીતિન પટેલ.**

**પુરવણી**

**ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૫૯-મા) માંથી ઊતારા.**

---------------------------------------------------------------------------------------------------------------

**નગર ઈજનેર વગેરેની નિમણૂક.**

**૪૫.** (૧) xxx xxx xxx

(૨) કોર્પોરેશન વખતોવખત રાજ્ય સરકારની મંજૂરીથી પોતાને જરૂરી લાગે તેવી નાયબ મ્યુનિસિપલ કમિશનરની, મદદનીશ મ્યુનિસિપલ કમિશનરની અથવા એવા બીજા અધિકારીઓની બીજી કેટલીક જગાઓ ઉભી કરી શકશે. રાજ્ય સરકાર, નાયબ મ્યુનિસિપલ કમિશનર અથવા મદદનીશ મ્યુનિસિપલ કમિશનર અથવા એવા બીજા અધિકારી તરીકે યોગ્ય વ્યક્તિ અથવા વ્યક્તિઓને નીમી શકશે.

(૩) xxx xxx xxx

(૪) આ કલમ હેઠળ કરેલી મ્યુનિસિપલ સેક્રેટરીની, નાયબ મ્યુનિસિપલ કમિશનરની અથવા મદદનીશ મ્યુનિસિપલ કમિશનરની નિમણૂક સિવાયની દરેક નિમણૂક રાજ્ય સરકારની બહાલીને અધીન રહેશે અને જે અધિકારીની નિમણૂકને બહાલી આપવાની રાજ્ય સરકાર ના પાડે તેને તરત હોદ્દા ઉપરથી દૂર કરવો.

(૫) પેટા-કલમ (૧)માં નિર્દિષ્ટ કરેલી કોઈ હોદ્દાની જગા ખાલી પડે એટલે, જે તારીખે જગા ખાલી પડી હોય તે તારીખથી ચાર મહિનાની અંદર અથવા કોઈ અધિકારીને પેટા-કલમ (૪) મુજબ હોદ્દા ઉપરથી દૂર કરવામાં આવે તે પ્રસંગે, રાજ્ય સરકારનો હુકમ કોર્પોરેશનને મળે તેના ત્રીસ દિવસની અંદર કોર્પોરેશને તે હોદ્દા ઉપર નિમણૂક કરવી.

(૬) અને (૭) xxx xxx xxx

**નિમણૂક કરવાની સત્તા કોને પ્રાપ્ત થશે.**

**૫૩.** (૧) ભથ્થાં બાદ કરતાં જેનો ઓછામાં ઓછો માસિક પગાર દરેક કોર્પોરેશનની બાબતમાં રાજ્ય સરકાર, સામાન્ય અથવા ખાસ હુકમથી વખતોવખત આ અર્થે નક્કી કરે તેટલી રકમ કરતાં વધારે હોય તેવા નાયબ મ્યુનિસિપલ કમિશનર અથવા મદદનીશ મ્યુનિસિપલ કમિશનર સિવાયના કોઈપણ કામચલાઉ અથવા કાયમી મ્યુનિસિપલ અધિકારીઓને નીમવાની સત્તા કોર્પોરેશનને પ્રાપ્ત થશે.

પરંતુ રાજ્ય સરકારે તેવી રીતે નક્કી કરેલ રકમની, ભથ્થાં બાદ કરતાં ઓછામાં ઓછા માસિક પગારવાળી લોન વર્ક્સ માટેની કામચલાઉ નિમણૂકો છ મહિના કરતાં વધારે ન હોય એવી મુદત માટે સ્થાયી સમિતિની પૂર્વ મંજૂરી મેળવીને કમિશનર એ શરતે નક્કી કરશે કે એવી દરેક નિમણૂકનો કમિશનરે કોર્પોરેશનને તરત જ રિપોર્ટ કરવો જોઇએ અને એવી કોઇપણ નિમણૂક સદરહુ છ મહિનાની મુદત પૂરી થયા પછી, કોર્પોરેશનની પૂર્વ મંજૂરી મેળવ્યા સિવાય ચાલુ રાખવી નહિ.

(૨) અને (૩) xxx xxx xxx

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

[સન ૨૦૧૯નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧ .]

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ વધુ સુધારવા બાબત વિધેયક.

[શ્રી નીતિન પટેલ,
નાયબ મુખ્યમંત્રીશ્રી]

(સન ૨૦૧૯ના ફેબ્રુઆરી મહિનાની ૮મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી. એમ. પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

**THE GUJARAT PROVINCIAL MUNICIPAL CORPORATIONS (AMENDMENT) BILL, 2019.**

**GUJARAT BILL NO. 1 OF 2019.**

***A BILL***

*further to amend the Gujarat Provincial Municipal Corporations Act, 1949.*

It is hereby enacted in the Seventieth Year of the republic of India as follows:-

**1.** This Act may be called the Gujarat Provincial Municipal Corporations (Amendment) Act, 2019. **Short title.**

Amendment of section 45 of Bom. LIX of 1949.

**2.** In the Gujarat Provincial Municipal Corporations Act, 1949 (hereinafter referred to as "the principal Act"), in section 45,- Bom. LIX of 1949.

(i) for sub-section (2), the following sub-section shall be substituted, namely:-

> "(2) The Corporation may from time to time, with the approval of the State Government, create as many posts of Deputy Municipal Commissioner or Assistant Municipal Commissioner or such other officers as it considers necessary. The State Government may, while granting approval to the Corporation, apportion the number of such posts that may be filled by the Corporation and the number of such posts that may be filled by the State Government by appointing its officers.";

(ii) for sub-section (4), the following sub-section shall be substituted, namely :-

> "(4) Every appointment made under this section, excepting an appointment of a Municipal Secretary made by the Corporation or an appointment of a Deputy Municipal Commissioner, an Assistant Municipal Commissioner or such other officers made by the State Government, shall be subject to confirmation by the State Government; and any officer whose appointment the State Government refuses to confirm shall be removed from the office forthwith.".

(iii) in sub-section (5), for the word, brackets and figure "sub-section (1)", the words, brackets and figures "sub-section (1) or a vacancy in any office specified in sub-section (2) so far as the appointment is made by the Corporation," shall be substituted.

Amendment of section 53 of Bom. LIX of 1949.

**4.** In the principal Act, in section 53, in sub-section (1), after the words "excepting the Deputy Municipal Commissioner or the Assistant Municipal

Commissioner", the words "or such other officers appointed by the State Government" shall be inserted.

## STATEMENT OF OBJECTS AND REASONS

Existing provision of sub-section (2) of section 45 of the Gujarat Provincial Municipal Corporations Act 1949, empowers the State Government to appoint its officers as the Deputy Municipal Commissioner and Assistant Municipal Commissioner as the said officers having wider exposure and experience of various Government Departments in order to secure better implementation of the flagship programmes of the State Government and to secure better co-ordination between the State as well as the Central Government Agencies while discharging municipal functions.

However, it is felt that in order to have better implementation of the functions entrusted to the municipal corporations, it is necessary to empower the municipal corporations also to appoint some of such officers It is therefore, considered necessary to enable both the State Government as well as the concerned municipal corporations to appoint Deputy Municipal Commissioners or the Assistant Municipal Commissioners or such other officers to secure better implementation of Government policies on one hand and on the other hand, to carry out the day to day municipal functions under various provisions of the Gujarat Provincial Municipal Corporations Act, 1949. The provision of sub-section (2) of section 45 is required to be amended to the extent which would also enable to Corporation to appoint such officers either by way of direct recruitment or by the officers from within the Corporation or by both. Accordingly, sub-section (2) of section 45 of the said Act is proposed to be amended. Certain consequential provisions of sections 45 and 53 of the said Act are also proposed to be amended.

This Bill seeks to amend the said Act to achieve the aforesaid objects.

Dated the 7th February, 2019. **NITIN PATEL.**

*ANNEXURE*

**EXTRACT FROM THE GUJARAT PROVINCIAL MUNICIPAL CORPORATIONS ACT, 1949.**

**(Bom. LIX of 1949)**

---

**45.** (1) XXX XXX XXX

**Appointment of City Engineer, etc.**

(2) The Corporation may from time to time with the approval of the State Government create as many appointments as it considers necessary of the Deputy Municipal Commissioner, an Assistant Municipal Commissioner or such other officers. The State Government may appoint a fit person or persons to be the Deputy Municipal Commissioner or the Assistant Municipal Commissioner or such other officer.

(3) XXX XXX XXX

(4) Every appointment made under this section excepting an appointment of a Municipal Secretary a Deputy Municipal Commissioner or an Assistant Municipal Commissioner shall be subject to confirmation by the State Government and any officer whose appointment the State Government refuses to confirm shall be removed from office forthwith.

(5) On the occurrence of a vacancy in any office specified in sub-section (1) an appointment shall be made thereto by the Corporation within four months from the date on which the vacancy occurred or, in the event of the removal of an officer under sub-section (4), within thirty days of the receipt by the Corporation of the order of the State Government.

(6) and (7) XXX XXX XXX

**Power of appointment in whom to vest.**

**53.** (1) The power of appointing municipal officers, excepting the Deputy Municipal Commissioner or the Assistant Municipal Commissioner whether temporary or permanent, whose minimum monthly salary exclusive of allowances exceeds such amount as may be fixed in this behalf by the State Government, by a general or special order, from time to time in the case of each Corporation shall vest in the Corporation:

Provided that temporary appointments for loan works carrying a minimum monthly salary, exclusive of allowances of the amount as so fixed by the State Government may be made for a period of not more than six months by the Commissioner with the previous sanction of the Standing Committee on condition that every such appointment shall forthwith be reported by the Commissioner to the Corporation and no such appointment shall be renewed on the expiry of the said period of six months without the previous sanction of the Corporation.

(2) and (3) XXX XXX XXX

**GUJARAT LEGISLATURE SECRETARIAT**

**GUJARAT BILL NO. 1 OF 2019.**

***A BILL***

*further to amend the Gujarat Provincial Municipal Corporations Act, 1949.*

**[SHRI NITIN PATEL,**
**DEPUTY CHIEF MINISTER ]**

**( As published in the Gujarat Government Gazette of 8th February, 2019)**

**D.M.Patel,**
**Secretary,**
**Gujarat Legislative Assembly.**